Non Transferable

# દુકાન હરાજી ટેન્ડર

ફોર્મ પરત કરવાની છેલ્લી તા.૩૦/૦૩/૨૦૨૪ (સમય ૧૮:૦૦ કલાક સુધી) કિંમત રૂ.૧,૦૦૦/-

# AUDA

## અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઈ પટેલ સંકુલ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

કૃષ્ણધામ-૧ શોપીંગ સેન્ટર, વેજલપુર માટે ઉપરદળથી વેચાણનું ટેન્ડર ફોર્મ

---

અરજદારનું નામ

______________________________

______________________________

પુરેપુરૂ સરનામું

______________________________

______________________________

______________________________

ફોન નં.:______________________

મોબાઈલ:______________________

તારીખ:______________________

પ્રતિ,
મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
સરદાર વલ્લભભાઈ પટેલ સંકુલ,
ઉસ્માનપુરા,અમદાવાદ-૩૮૦૦૧૪.

વિષય:- કૃષ્ણધામ-૧ શોપીંગ સેન્ટર, વેજલપુરમાં સત્તામંડળ દ્વારા નિર્મિત દુકાનોની ઉપરદળથી વેચાણ માટેની જાહેર હરાજીમાં ભાગ લેવા બાબત.

મે.સાહેબશ્રી,

આપની તારીખ-..........................ના વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ (મોજે વેજલપુર, ટી.પી.૨૫, ફા.પ્લોટ નં.૧૦૨+ ૧૦૪ સરનામાવાળી) સત્તામંડળ હસ્તકની દુકાન/દુકાનો માટેની જાહેર હરાજીની જાહેરાત અન્વયે જાહેર હરાજીની શરતો અને બોલીઓ મેં વાંચેલ છે. અને સમજેલ છે. જે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

મે ઉપર જણાવ્યા પ્રમાણે દુકાનોની હરાજીમાં ભાગ લેવા માટે નીચે મુજબ મેં મારી રકમ ભરપાઈ કરેલ છે.

| જે દુકાન લેવા માંગતા હોય તેનો ક્રમ | વિગત | | પહોંચ નંબર | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફોર્મની રકમ | રૂ.૧૦૦૦/- | | |
| | ડિપોઝીટની કુલ રકમ | રૂ.૧,૦૦,૦૦૦/- | | |

સદર અરજીફોર્મ/ દુકાન હરાજી ટેન્ડર ફોર્મની સાથે ટેન્ડર ફીની પહોંચની નકલ, ટેન્ડર ડિપોઝીટની પહોંચની નકલ તથા ઓળખાણ અંગેનો નીચેના પૈકી એક અધિકૃત પુરાવાની નકલ સામેલ કરેલ છે. (આધારકાર્ડ/ ઇલેક્શન કાર્ડ/ ડ્રાઇવીંગ લાયસન્સ/ પાસપોર્ટની નકલ/ પાન કાર્ડ)

ઉપરોક્ત જાહેરાત અન્વયે અમો નીચે જણાવેલ દુકાન/મિલકત માટે અમારી ઓફર નીચે મુજબ છે.

| દુકાન નં | દુકાનનું ક્ષેત્રફળ | તળિયાની કિંમત રૂ. | આ દુકાન માટે ઓફર(રૂ. માં) | |
|---|---|---|---|---|
| | | | અંકોમાં | શબ્દોમાં |
| જી/૨૨ | | | | |

આપનો આભારી

સ્થળ:__________________ અરજદારની સહી :________________________________

તારીખ:__________________ નામ :______________________________

ઉંમર: પુખ્તવયના સરનામુ :______________________________

______________________________

______________________________

આધારકાર્ડ :______________________________

સત્તામંડળ હસ્તકની કૃષ્ણધામ-૧ શોપીંગ સેન્ટર, મોજે વેજલપુર, ટી.પી-૨૫, ફા.પ્લોટ નં.૧૦૨+૧૦૪ ખાતે નિર્મિત દુકાનોની ઉપરદળથી વેચાણ અંગેના ટેન્ડર-કમ-હરાજીની શરતો અને બોલીઓ.

(૧) જે અરજદાર હરાજીમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ ડિપોઝીટ ભર્યાની પહોંચ સહ નિયત નમુનામાં અરજી ફોર્મ ભરી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ ખાતે રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટ અથવા રજીસ્ટ્રી શાખામાં રૂબરૂમાં મોડામાં મોડું તારીખ:૩૦/૦૩/૨૦૨૪ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં પહોંચે તે રીતે મોકલવાનું રહેશે. અંતિમ તારીખ અને સમયબાદ મળેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

અરજદારે ફોર્મના કવર પર સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમાં નીચે જણાવેલ વિગત અચુક લખવાની રહેશે. "દુકાન વેચાણથી તબદીલ કરવા અંગે એસ્ટેટ શાખાની જાહેર નીવિદા સંદર્ભે અરજદારશ્રીનું નામ.......................................
.....................................સરનામું.......................................................................................................અને
કોન્ટેક નંબર................................ શોપીંગ સેન્ટરનું નામ .................................................. દુકાન નં.:..............."

(૨) અરજદારે અરજીફોર્મ સાથે ડિપોઝીટનાં રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના નામનો રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ (પેએબલ એટ અમદાવાદ)થી હિસાબી શાખામાં જમા કરાવી તેની પહોંચ મેળવી, તેની નકલ ભરેલ અરજી ફોર્મ સાથે રજુ કરવાની રહેશે, અન્યથા હરાજીમાં ભાગ લઈ શકાશે નહી. દુકાન દીઠ અલગ-અલગ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) જાહેરાતથી પ્રસિધ્ધ થયેલ સંબંધિત દુકાનોની જાહેર હરાજીનો સમય તારીખ તથા સ્થળની જાણ ફોર્મ ભરનાર વ્યક્તિ/ અરજદારને અલગથી કરવામાં આવશે.

(૪) હરાજીમાં ભરાઈને આવેલ ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથી બોલી શરૂ કરવામાં આવશે. મહત્તમ બોલી બોલનારે હરાજીથી નિયત થયેલ પ્રિમિયમની કુલ રકમની ૧૦ ટકા રકમ તાત્કાલિક દિન-(૧૦)દસમાં પે ઓર્ડર/બેરર ચેક/ડ્રાફ્ટ થી સત્તામંડળની હિસાબી શાખામાં જમા કરાવવાની રહેશે.

(૫) મહત્તમ બોલી બોલનારે બાકીની પુરેપુરી રકમ સત્તામંડળની કચેરીમાં રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેકથી ફાળવણી હુકમની તારીખથી દિન-૩૦(ત્રીસ)માં જમા કરાવવાની રહેશે, સિવાયકે સત્તામંડળની મંજૂરીથી ખાસ કારણોસર ભરવાની થતી રકમની તારીખ લંબાવે તો વધારાના દિવસો માટે બાકી રહેતી રકમ પર વાર્ષિક ૧૫ ટકા લેખે વ્યાજ ચુકવવાનું રહેશે પરંતુ વધારાની મુદ્દત ફાળવણી હુકમથી ૧૮૦ દિવસથી વધુ રહેશે નહી. જે અંગેનો સત્તામંડળને નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૬) ઉપરોક્ત સમયમાં ભરવા પાત્ર રકમ ભરવામાં ચુક થયેથી ડિપોઝીટની રકમ સત્તામંડળમાં જપ્ત કરવામાં આવશે, તથા મિલ્કત ફાળવણી રદ કરવામાં આવશે. તેમજ તે અથવા તે પૈકીના તમામ ભાગનો સત્તામંડળ દ્વારા નિકાલ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૭) હરાજીમાં અસફળ રહેલ અરજદારની ડિપોઝીટની રકમ હરાજી પુરી થયાના દિન-૪૫(પિસ્તાલીસ)માં વગર વ્યાજે પરત કરવાપાત્ર રહેશે. જ્યારે હરાજીમાં સફળ થનાર ટેન્ડરની ડિપોઝીટની રકમ સેલડીડ થયા બાદ વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(૮) દુકાનોના બાંધકામની જાળવણી, મેન્ટેનન્સ ખર્ચ, તથા તે અંગેના તમામ ટેક્ષ, સર્વિસ ચાર્જ, જમીન મહેસુલ તથા સરકારી/ અર્ધસરકારી/ કરવેરા, ચાર્જ દર વગેરે જે તે દુકાન હરાજીમાં રાખનારે દુકાન ફાળવ્યા તારીખથી ભોગવવાના રહેશે. તેની નોંધણી કરાવવા, મહોર લગાડવા, વેચાણ ખત કમ લીઝ તૈયાર કરવા નકલો કઢાવવાના ખર્ચાઓ તથા આકસ્મીક કે પ્રાસંગિક ખર્ચાઓ વેચાણ રાખનારે ભોગવવાના રહેશે. વધુમાં અન્ય કોઇ સક્ષમ સત્તાધિકારી દ્વારા વસુલાતને પાત્ર થતી સ્થાવર મિલકતની તબદીલી અંગેની ડ્યુટી તથા તે અંગેના તમામ આનુષાંગિક ખર્ચ પણ વેચાણથી લેનારે ભરવાનો રહેશે.

(૯) દુકાન રાખનાર ગુનાહિત અથવા વિસ્ફોટક પદાર્થો રાખી શકશે નહી. કે વેચાણ કરી શકશે નહીં.

(૧૦) ડિપોઝીટ ભરેલ અરજદાર જે દુકાનો માટે ડિપોઝીટ ભરેલ હશે, તે દુકાનોની હરાજી પૂર્ણ થાય ત્યાં સુધી ભાગ લઈ શકશે.

(૧૧) હરાજીમાં તળીયાની કિંમત ઉપર રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના ગુણાંકમાં ઓફર ભરવાની તથા બોલી બોલવાની રહેશે, ઉંચી બોલી બોલનાર માંગણીદારની હરાજી આખરી કરતી વખતે જે તે દુકાન માટે ધ્યાને લેવામાં

આવશે. સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ ટોકન નંબર ઉંચી બોલી બોલનાર માંગણીદારે સક્ષમ અધિકારીને હરાજી પુરી થયેથી તુર્તજ હરાજીના સ્થળે સુપ્રત કરવાનો રહેશે.

(૧૨)કોઇપણ એક કે તમામ દુકાનોની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી તે સંબંધી માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ સત્તામંડળનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે. જે તે દુકાન માટે સત્તામંડળને મળેલ સૌથી ઉંચી બોલીની કિંમતે નિકાલ કરવો કે નહીં? તે માટે સત્તામંડળનો અધિકાર અબાધિત રહેશે. અને તે માન્ય રાખવાનો રહેશે.

(૧૩) અરજદાર ગુજરાતનો ડોમીસાઈલ હોવો જોઈએ અથવા ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કરતાં હોવા જોઈએ અને જેના પુરાવા ફાળવણી મળ્યેથી રજુ કરવાના રહેશે.

(૧૪) અરજદારે જે નામે જેટલી દુકાનોની ડિપોઝીટ જમા કરેલ હશે, તે મુજબ સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ, ટોકન સાથે હરાજીમાં ભાગ લઈ શકશે, આ સિવાય અનઅધિકૃત વ્યક્તિનો પ્રવેશ આપવામાં આવશે નહી. અનિવાર્ય સંજોગોમાં અરજદાર હાજર ન રહી શકે તો તેમના પત્રથી અધિકૃત કરેલ પ્રતિનિધિ હાજર રહી હરાજીમાં ભાગ લઇ શકશે.

(૧૫) ડિપોઝીટ જમા કરાવનાર અરજદાર હરાજીમાં ભાગ લેવાનો રહેશે, રૂબરૂમાં હાજર રહેથી તથા માંગણી ગ્રાહ્ય રહેથી દુકાનની ફાળવણી જે તે અરજદારના નામેજ કરવામાં આવશે, અન્ય કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા પાત્ર રહેશે નહી.

(૧૬) સત્તામંડળ દ્વારા નિયત થયેલ તમામ શરતો દુકાનદાર/વેચાણ લેનારને માટે બંધનકર્તા રહેશે. ફાળવણી અંગેની નિતિ નિયમો ધોરણો વિગેરે સંપુર્ણપણે સત્તામંડળના નિર્ણયને આધીન રહેશે અને તે સંબંધે સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. અને તમામને બંધનકર્તા રહેશે.

(૧૭) જાહેર હરાજી દરમ્યાન કોઇપણ જાતની ગેરવર્તણુક તથા હરાજીના નિયમોનો ભંગ થયેથી ડિપોઝીટ જપ્ત થવા પાત્ર રહેશે. આ બાબતે સક્ષમ સત્તાઅધિકારીશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૮) જાહેર હરાજી પ્રક્રિયા દરમ્યાન કોઇ ખાસ પ્રશ્ન ઉપસ્થિત થયેથી તે અંગેનો નિકાલ મુખ્ય કારોબારી અધિકારીશ્રીના નિર્ણયને આધિન આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૯) સત્તામંડળના અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે કોઇપણ દુકાનની હરાજીની કાર્યવાહી પાછી ખેંચી શકશે. સ્થગિત કરી શકશે.

(૨૦) હરાજીમાં સફળ થનારને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કોઇ કારણસર દુકાન તબદીલ કરી શકાય નહી તેવા સંજોગો ઉદ્દભવે ત્યારે સીક્યોરીટી ડીપોઝીટનાં નાણાં વિના વ્યાજે પરત કરવામાં આવશે.
આ અંગેની શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે.
અન્ય કોઇ કારણસર આ દુકાનની તબદીલી મંજુર કરવામાં નહીં આવશે તો અરજદારે અનામત મુકેલ રકમ અથવા ફાળવણીની રકમ વિના વ્યાજે સત્તામંડળ દ્વારા પરત કરવામાં આવશે.

(૨૧) આ દુકાન સત્તામંડળની પૂર્વ મંજૂરી સિવાય વેચાણ, બક્ષીસ, કે બીજી કોઇ રીતે તબદીલ કરી શકાશે નહીં કે અન્યને કબજો સોપી શકાશે નહીં કે રદ ન કરી શકાય તેવા કુલમુખ્યારનામા ધ્વારા તબદીલી કરી કબજો સોંપી શકાશે નહીં.

(૨૨) જાહેર હરાજી દરમ્યાન જે વ્યક્તિ સફળ થશે તેણે નોન ટ્રેડીંગ એસોસીયેશન અથવા તો સોસાયટીના સભ્ય થવાનું ફરજીયાત રહેશે, અને તેને લગતા મેન્ટેનન્સ કે અન્ય સામુહિક સુવિધાનો ખર્ચ વખતો વખત નક્કી થાય તે મુજબ આપવાનો રહેશે. જે માન્ય રાખવાના રહેશે.

(૨૩) હરાજીમાં રાખનાર દુકાનના માલિકને બે દુકાન મળે અને બંને દુકાનોમાં કોઇપણ જાતની તોડફોડ કરી ફેરફાર કરવા ઈચ્છે તો તે પુર્વે તે અંગેની પરવાનગી સત્તામંડળથી મેળવી લેવાની રહેશે અને સ્ટ્રકચરને કોઇપણ જાતનું નુકશાન થાય તેવી રીતનો કોઇ પણ ફેરફાર કરી શકાશે નહીં. કે કરાવી શકાશે નહીં.

(૨૪) દુકાનની આગળ કે પાછળ અને સાઈડમાં કોઇપણ જાતનું કાયમી/હંગામી બાંધકામ કરી શકશે નહીં.

(૨૫) કોમ્પ્લેક્ષના ટેરેસ ઉપર કોઇપણ જાતના ટાવર કે તેને લગતા સ્ટ્રક્ચર ઉભા કરી શકશે નહી, અને ટેરેસનો ઉપયોગ પોતાના અંગત હેતુ માટે કરી શકશે નહી.

(૨૬) કોઇપણ એક કે તમામ દુકાનોની ઓફર માન્ય રાખવી કે અમાન્ય રાખવી તે સંબંધી માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

(૨૭) આ મિલ્કતનો નિકાલ જ્યાં છે અને જેમ છે તે ધોરણે કરવામાં આવશે.

(૨૮) આ અંગેનું ન્યાયક્ષેત્ર અમદાવાદનું રહેશે.

(૨૯) ઉપર મુજબની શરતો અને બોલીઓમાં સંદિગ્ધતા જણાયે લેન્ડ ડિસ્પોઝલ પોલીસીમાં સમાવિષ્ટ હોય તે બાબતે પોલીસનું અર્થઘટન આખરી ગણાશે. તે સિવાયની બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ ચેરમેનશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ઉપરની તમામ શરતો મે વાંચી, સમજી છે. મને/ અમોને માન્ય અને કબુલ મંજૂર છે. અને તે અંગે મારી/ અમારી સંમતિ છે. જેની ખાતરી આપુ છુ. જે બદલ મે/ અમોએ નીચે સહી/ સંમતિ કરેલ છે./ આપેલ છે.

આપનો આભારી

સ્થળ:__________________ અરજદારની સહી :________________________________

તારીખ:__________________ નામ :______________________________

ઉંમર: પુખ્તવયના સરનામુ :_______________________________

______________________________

______________________________

આધારકાર્ડ :_______________________________

## કૃષ્ણધામ શોપીંગ સેન્ટર વિભાગ-૧, વેજલપુર ટી.પી-૨૫, ફા.પ્લોટ નં.૧૦૨+૧૦૪

## સત્તામંડળ નિર્મિત દુકાનોની માહિતી

| ગ્રાઉન્ડ ફ્લોરની પાછળના ભાગની દુકાનો | | | |
|---|---|---|---|
| અનું નં. | દુકાન નં. | બિલ્ટઅપ ક્ષેત્રફળ (ચો.મી.) | તળીયાની કિંમત રૂ. |
| ૧ | જી/૨૨ | ૮.૨૦ | ૮,૭૦,૪૪૬/- |